**કમિશ્નરશ્રી આદિજાતિ વિકાસની કચેરી, ગાંધીનગર ખાતે લીગલ કન્સલટન્ટની જગ્યાની મુદત લંબાવવા બાબત.**

ગુજરાત સરકાર
આદિજાતિ વિકાસ વિભાગ
ઠરાવ ક્રમાંક: પીટીજી/૧૧૨૦૧૩/૬૯૩/ચ
સચિવાલય, ગાંધીનગર.
તા.૧૯/૦૨/૨૦૨૦

**વંચાણે લીધા :**

(૧) અનુસૂચિત જાતિ અને અનુસૂચિત જનજાતિ (અત્યાચાર નિવારણ) અધિનિયમ ૧૯૮૯ તથા નિયમો ૧૯૯૫.

(૨) આદિજાતિ વિકાસ વિભાગનો તા.૦૪/૧૨/૨૦૧૪નો ઠરાવ ક્રમાંક:પીટીજી/૧૧૨૦૧૩/૬૯૩/ચ.

(૩) આદિજાતિ વિકાસ વિભાગનો તા.૦૮/૦૪/૨૦૧૯નો ઠરાવ ક્રમાંક:પીટીજી/૧૧૨૦૧૩/૬૯૩/ચ.

(૪) કમિશ્નરશ્રી, (આદિજાતિ વિકાસ)ના તા.૧૩/૦૧/૨૦૨૦નો પત્ર ક્રમાંક:આવિ/મકમ/ફા.નં.૨૩૯૦(ભાગ-૨)/૭૩૭.

**ઠરાવ :**

કમિશનરશ્રી(આ.વિ.) ની કચેરીમાં, કોર્ટ કેસોમાં કાયદાકીય કાર્યવાહી વધુ સરળ રીતે થઈ શકે તેના માર્ગદર્શન માટે લીગલ કન્સલટન્ટની જરૂરીયાત હોઇ, લીગલ કન્સલટન્ટની ૧ જગ્યા કરારના ધોરણે માસિક રૂ.30,000/-ના ફીક્સ પગારથી ૧૧ માસ માટે અથવા કાયદા વિભાગ દ્વારા કાયદા અધિકારીની ફાળવણી કરવામાં આવે તે બે માંથી જે વહેલું હોય તે મુદત સુધી ભરવાની બાબત આદિજાતિ વિકાસ વિભાગના તા.૦૪/૧૨/૨૦૧૪ના ઠરાવ(સંદર્ભ-૨) થી મંજૂર કરવામાં આવેલ છે, વખતો વખત લીગલ કન્સલટન્ટની જગ્યાની મુદતનો સમયગાળો લંબાવ્યા બાદ છેલ્લે અત્રેના તા.૦૮/૦૪/૨૦૧૯ના સરખા ક્રમાંકના ઠરાવ(સંદર્ભ-૩)થી તા.૨૨/૦૨/૨૦૧૯ થી તા.૨૧/૦૧/૨૦૨૦ સુધી વધુ ૧૧ માસ માટે લંબાવવાની મંજુરી આપવામાં આવેલ હતી. ત્યારબાદ કમિશનરશ્રી, આદિજાતિ વિકાસની કચેરીએ તેઓના તા.૧૩/૦૧/૨૦૨૦ના (સંદર્ભ-૪) પત્રથી લીગલ કન્સલટન્ટની ૧ જગ્યા કરારના ધોરણે માસિક રૂ.30,000/-ના ફીક્સ પગારથી મુદત લંબાવવા દરખાસ્ત કરેલ, જે બાબતે સરકારશ્રીની પુખ્ત વિચારણાને અંતે તા.૨૨/૦૧/૨૦૨૦ થી તા.૦૪/૦૭/૨૦૨૦ સુધીના કરારના ધોરણે માસિક રૂ.30,000/-ના ફીક્સ પગારથી જગ્યાની મુદત તા.૨૨/૦૧/૨૦૨૦ થી તા.૦૪/૦૭/૨૦૨૦ સુધી લંબાવવા નીચેની શરતોને આધીન મંજૂરી આપવામાં આવે છે.

**શરતો : -**

(૧) લીગલ કન્સલટન્ટને કરારના સમયગાળા દરમ્યાન રૂ.30,000/-નો માસિક ફીક્સ પગાર મળશે. તેઓની નિમણૂંક કરારના ધોરણે ગણવામાં આવશે તથા કરારની મુદત ૧૧ માસની રહેશે.

(૨) ઉભય પક્ષે એક માસની નોટીસ અથવા એક માસના ફીક્સ પગારની રકમ સાથેનો નોટીસ પગાર આપીને કરારનો અંત લાવી શકાશે.

(3) નિયત ફીક્સ પગાર પર કોઇ પણ જાતના ભથ્થા મળવાપાત્ર થશે નહી.

(૪) કરારના સમયગાળા દરમ્યાન લીગલ કન્સલટન્ટને ફીક્સ પગાર વેતનમાં કોઇપણ પ્રકારનો વધારો કે ઇજાફો મળવાપાત્ર થશે નહી. મોઘવારી ભથ્થું, વચગાળાની રાહત અથવા પગાર પંચના બીજા લાભો કે સેવા વિષયક અન્ય કોઇ લાભો મળવાપાત્ર થશે નહીં.

(૫) કરારના સમયગાળા દરમ્યાન મેડીકલ રીએમ્બર્સમેન્ટ મળવાપાત્ર થશે નહી.

(૬) કરારના સમયગાળા દરમ્યાન બજાવેલ સેવા/નોકરી પેન્શન, બોનસ, એલટીસી એન્કેશમેન્ટ ઓફ લીવ, પેશગી કે તેવા અન્ય કોઇ નાણાકીય લાભો સરકારશ્રી પાસેથી મેળવવાને પાત્ર ગણાશે નહી.

(૭) કરારના સમયગાળા દરમ્યાન કર્મચારીનું અવસાન થાય તો તેમણે બજાવેલ ફરજના સમયગાળાની ફીક્સ પગાર વેતનની લેણી રકમ કર્મચારીના કુટુંબીજનોને મળવાપાત્ર થશે. પરંતુ બીજા લાભ એક્સગ્રેસીયા લાભ કે રહેમરાહે નોકરી જેવા આનુષાંગિક લાભ મળવાપાત્ર થશે નહી.

(૮) લીગલ કન્સલટન્ટને સમાન સંવર્ગના અધિકારીએ જે ફરજો બજાવવાની થતી હોય તેવી ફરજો બજાવવાની રહેશે. તે માટે કચેરીમાં ફરજ પાલનનો જે સમય નિયત કરેલ હોય તે પ્રમાણે કચેરીમાં હાજરી આપવાની રહેશે. તેમજ પ્રાઇવેટ પ્રેક્ટીસ કે અન્યત્ર પાર્ટટાઇમ નોકરી કરી શકાશે નહી. જાહેર રજાના દિવસોએ પણ સરકારી કામગીરીની જરૂરીયાતને અનુલક્ષીને ફરજ બજાવવામાં આવે તો તે મુજબ ફરજ બજાવવાની રહેશે. રાજકીય પ્રવૃતિમાં ભાગ લઇ શકાશે નહિ.

(૯) લીગલ કન્સલટન્ટને કરારના સમય દરમ્યાન વાર્ષિક ધોરણે ૧૧ પરચુરણ રજા મળવાપાત્ર થશે. અન્ય કોઇ રજા મળવાપાત્ર થશે નહી. તે સિવાયની રજા ભોગવશે તો તે રજાના દિવસના પગારની કપાત કરી લેવામાં આવશે.

(૧૦) લીગલ કન્સલટન્ટને કાર્યમથક પર રહેઠાણે રહેવાનું ફરજિયાત રહેશે અને અધિકૃત અધિકારીની પરવાનગી વગર મુખ્ય મથક છોડી શકાશે નહી.

(૧૧) કરારના સમયગાળા દરમ્યાનની અસંતોષકારક કામગીરી કે અશિસ્ત બદલ કોઇ પણ જાતની નોટીસ આપ્યા સિવાય કોઇ પણ સમયે નોકરી સમાપ્ત કરવામાં આવશે.

(૧૨) સરકારશ્રી તરફથી વહીવટી હિતમાં બીજી કોઇ જરૂરી શરતો નક્કી થાય તે પણ બંધનકર્તા રહેશે.

(૧૩) વ્યવસાય વેરાની કપાત નિયમાનુંસાર ફીક્સ પગારમાંથી કરી લેવાની રહેશે.

(૧૪) નિમણૂંકના સમય દરમ્યાન તેમણે બજાવેલ સરકારી સેવા બાબત અંગે કોઇપણ પ્રકારની ફોજદારી કે દિવાની કાર્યવાહી સબબ રાજ્ય સરકારની કોઇ જવાબદારી રહેશે નહી.

(૧૫) કરાર આધારિત ઉચ્ચક વેતનથી નિમણૂંક પામેલ વ્યક્તિને સરકારી મહેકમ ઉપર સમાવિષ્ટ થવા માટેનો કોઇ હક્ક પ્રાપ્ત થશે નહી.

(૧૬) ઉપરોક્ત શરતો નિમણૂક પામનાર વ્યક્તિને સ્વીકાર્ય છે, તે અંગેનું સંમતિપત્ર મેળવવાનું રહેશે.

(૧૭) આ નિમણુંક ભરતી જે તે સંવર્ગના ભરતી નિયમો અનુસાર યોગ્ય લાયકાત ધરાવતા ઉમેદવારોથી ભરતીની નિયત કરાયેલ પ્રક્રિયાને અનુસરીને જ કરવાની રહેશે અને નિયત અરજીપત્રકમાં આ શરતોનો સમાવેશ કરવાનો રહેશે.

(૧૮) આ કરાર આધારીત ફરજ ઉપર જોડાતા પહેલા શારીરિક યોગ્યતા અંગેનું પ્રમાણપત્ર રજૂ કરવાનું રહેશે.

(૧૯) આ અંગેનો ખર્ચ જે તે વર્ષની બજેટ જોગવાઇ અને નાણા વિભાગ દ્વારા વખતો વખત ફાળવવામાં આવતી ગ્રાન્ટની મર્યાદામાં કરવાનો રહેશે.

(૨૦) પ્રસ્તુત દરખાસ્ત સંદર્ભે પ્રવર્તમાન નિયમોને આધિન ચાલુ તથા જરૂરીયાત પ્રમાણે આગામી નાણાકીય વર્ષમાં પર્યાપ્ત બજેટ જોગવાઇ કરાવી લેવાની રહેશે.

(૨૧) આ અંગેનું ખર્ચ રાજ્ય સરકારના સ્થાયી તેમજ વખતો વખતના લાગુ પડતા ઠરાવો/ પરિપત્રો અને જોગવાઇઓ મુજબ નિયત પધ્ધતિથી કરવાનો રહેશે.

(૨૨) આ મંજુરી અન્વયે કરવાના થતા ખર્ચ અંગે નાણાકીય ઔચિત્યતાના સિદ્ધાંતોનું પાલન કરવાનું રહેશે.

(૨૩) આ મંજુરી અન્વયે ફાળવેલ ગ્રાન્ટનો અન્ય હેતુ માટે ઉપયોગ કરી શકાશે નહી. બચત રહેતી રકમ વર્ષ આખરે સરન્ડર કરવાની રહેશે.

૨. આ અંગેનો ખર્ચ માંગણી નં : ૯૬ , મુખ્ય સદર : ૨૨૨૫-અનુસૂચિત જાતિઓ, જનજાતિઓ અને અન્ય પછાત વર્ગોના કલ્યાણ પેટા સદર : ૦૨ અનુસૂચિત આદિજાતિઓનું કલ્યાણ ગૌણ સદર : ૭૯૬, આદિજાતિ વિસ્તાર પેટા યોજના પેટા સદર : બીસીકે-૨૦૫ નાગરિક એકમ હેઠળ થયેલી જોગવાઇમાંથી મેળવવાનો રહેશે.

૩. આ હુકમ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ પર નાણાં વિભાગની તા.૦૪/૦૨/૨૦૨૦ની નોંધથી મળેલ સંમતિ અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે.

(વિપુલ રાઠવા)
સેક્શન અધિકારી
આદિજાતિ વિકાસ વિભાગ

**પ્રતિ**

- માન. રાજ્યપાલશ્રીના અગ્ર સચિવશ્રી, રાજ ભવન, ગાંધીનગર.
- માન. મુખ્ય મંત્રીશ્રીના અગ્ર સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- માન. મંત્રીશ્રી(આ.વિ.)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- માન. રાજ્ય કક્ષાના મંત્રીશ્રી (આ.વિ.)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- મુખ્ય સચિવશ્રીના નાયબ સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- અધિક મુખ્ય સચિવશ્રી, ગૃહ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- અગ્ર સચિવશ્રી (ખર્ચ), નાણાં વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- સચિવશ્રી (આદિજાતિ વિકાસ વિભાગ), સચિવાલય, ગાંધીનગર.
- સચિવશ્રી, કાયદા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- કમિશ્નરશ્રી, (આદિજાતિ વિકાસ), બિરસા મુંડા ભવન, સે-૧૦/એ, ગાંધીનગર.
- નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણ, બ્લોક નં-૪, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- સર્વે પ્રાયોજના અધિકારીશ્રી. (કમિશ્નરશ્રી, (આદિજાતિ વિકાસ)ની કચેરી મારફત)
- સર્વે તકેદારી અધિકારીશ્રી. (કમિશ્નરશ્રી, (આદિજાતિ વિકાસ)ની કચેરી મારફત)
- સર્વે મદદનીશ આદિજાતિ કમિશ્નરશ્રી. (કમિશ્નરશ્રી, (આદિજાતિ વિકાસ)ની કચેરી મારફત)
- વિભાગની સર્વે શાખાઓ, સચિવાલય, ગાંધીનગર.

- સીસ્ટમ મેનેજર, આદિજાતિ વિકાસ વિભાગ., સચિવાલય, ગાંધીનગર.(વિભાગની વેબસાઇટ પર મુકવા સારૂ.)
- સીલેક્ટ ફાઇલ.